ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



## સંક્ષિપ્ત સમાચાર

### નવજીવન હાઈસ્કૂલના શિક્ષિકા શ્રીમતી તેજલબેન પંચાલને 'સાહિત્ય સર્જન ગૌરવ સન્માન-2026' થી સન્માનિત કરાયા



**બોડેલી** : મહાગુજરાત સાહિત્ય પરિષદ (વડોદરા-નડિયાદ) દ્વારા તા. 9 જુલાઈ, 2026 ના રોજ ધનલક્ષ્મી રિસોર્ટ, ખાખરીયા ખાતે આયોજિત ભવ્ય સમારોહમાં ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન આપનાર સર્જકોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નવજીવન હાઈસ્કૂલના તેજસ્વી શિક્ષિકા શ્રીમતી તેજલબેન એન. પંચાલ ને તેમની સાહિત્યિક પ્રતિભા અને મૌલિક વિચારસરણી દ્વારા ગુજરાતી સાહિત્યમાં નવચેતન લાવવા બદલ પ્રતિષ્ઠિત 'સાહિત્ય સર્જન ગૌરવ સન્માન-2026' થી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા શ્રીમતી તેજલબેનના સર્જનાત્મક લેખનકાર્યની વિશેષ પ્રશંસા કરવામાં આવી હતી. આ અવસરે કાર્યક્રમના પ્રમુખ ડો. દીપકભાઈ પટેલ, મંત્રી શ્રીમતી મંજુલાબા ચૌહાણ તથા ડાયટ (DIET) ના પ્રાચાર્ય શ્રી સોલંકી સાહેબ વિશેષ ઉપસ્થિત રહીને વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

### ડી.બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ, સંખેડા ખાતે વિદ્યાદાનના મહાયજ્ઞમાં ચોપડા વિતરણ સમારોહ યોજાયો



**સંખેડા** : મેવાસ પંથકના અંતરિયાળ અને આર્થિક રીતે પછાત વિસ્તારોના વિદ્યાર્થીઓને છેલ્લા ૧૦૦ વર્ષથી ગુણવત્તાસભર, આધુનિક અને મૂલ્યલક્ષી શિક્ષણ આપતી ડી.બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ, સંખેડા ખાતે આજરોજ ભવ્ય ચોપડા વિતરણ સમારોહ યોજાયો હતો. મહારાજા સર સયાજીરાવ ગાયકવાડના શિક્ષણપ્રેમી વિચારોને સાકાર કરતી આ સંસ્થા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોના વિદ્યાર્થીઓને શિક્ષણની ઉત્તમ તકો પૂરી પાડવા માટે સતત કાર્યરત છે.સમારોહના મુખ્ય દાતાશ્રી તરીકે શ્રી ભરતકુમાર આર. દેસાઈ, ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર, ભારત પેરેંટરલ્સ લિમિટેડ તેમજ ચેરમેન, ઇનોવેટ લાઈફસાયન્સિસ પ્રાઈવેટ લિમિટેડ ઉપસ્થિત રહ્યા હતા. અને તેમના હસ્તે શાળાના ધોરણ ૭ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓને ચોપડાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### છોટાઉદેપુરમાં અષાઢી બીજે ભગવાન જગન્નાથજીની ૧૧મી ભવ્ય રથયાત્રા નીકળશે



**છોટાઉદેપુર** : છોટાઉદેપુર નગરમાં આગામી અષાઢી બીજ એટલે કે તારીખ ૧૬ જુલાઈના રોજ ભગવાન જગન્નાથજીની ૧૧મી ભવ્ય રથયાત્રાનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવને અભૂતપૂર્વ અને ભવ્ય બનાવવા માટે રથયાત્રા સમિતિની એક મહત્વની બેઠક યોજાઈ ગઈ હતી. જેમાં સમગ્ર આયોજનને આખરી ઓપ આપવામાં આવ્યો છે. ૧૧માં વર્ષના આ મંગલ ઉત્સવને લઈ સ્થાનિક નગરજનો અને ભક્તોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. આ ભવ્ય રથયાત્રા પરંપરાગત રીતે સ્થાનિક શ્રી રણછોડરાય મંદિરથી પ્રસ્થાન કરશે. ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજી સાથે રથમાં બિરાજમાન થઈને હજારોની જનમેદની વચ્ચે નગરચર્યાએ નીકળશે. આ રથયાત્રા છોટાઉદેપુર નગરના વિવિધ મુખ્ય માર્ગો પર ભક્તિસભર વાતાવરણમાં ફરશે. રથયાત્રા દરમિયાન ભગવાનના સ્વાગત માટે હેલિકોપ્ટર દ્વારા આકાશમાંથી પુષ્પવર્ષા કરવામાં આવશે. સ્થાનિક સંસ્કૃતિને ઉજાગર કરતી આદિવાસી નૃત્ય મંડળીઓ આ રથયાત્રાનું મુખ્ય આકર્ષણ બનશે.

### વનબંધુ કલ્યાણ યોજના હેઠળ દાહોદ જિલ્લાના ૧૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને મળી નવી એમ્બ્યુલન્સની ભેટ



**સુખસર** : આદિજાતિ બહુલ એવા દાહોદ જિલ્લાના ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓને વધુ સુદૃઢ અને ઝડપી બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા વધુ એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ન્યુ ગુજરાત પેટર્ન યોજના વર્ષ ૨૦૨૪-૨૫ અન્વયે જિલ્લાના ૧૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને નવી એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે. આ એમ્બ્યુલન્સને કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર પશુપાલન ગૌસંવર્ધન વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી રમેશભાઈ કટારા, દાહોદ સાંસદશ્રી જશવંતસિંહ ભાભોર, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ગમાબેન મોહનિયા, જિલ્લાના ધારાસભ્યશ્રીઓર, જીલ્લા પંચાયત નવ નિયુક્ત સમિતિના તમામ સભ્યો, જિલ્લા વિકાસ અધિકારી તથા પ્રાયોજના વહીવટદાર પ્રતિક જૈન તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. ઉદય ટીલાવતના હસ્તે લીલી ઝંડી બતાવી એમ્બ્યુલન્સનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

### હાલોલમાં પ્રેમપ્રકરણની અદાવતમાં હુમલો, યુવતીના પિતાનું સારવાર દરમિયાન મોત



**પાદરા** : પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના આબાવાડિયા ગામે જૂના પ્રેમપ્રકરણની અદાવતમાં થયેલા જીવલેણ હુમલાની ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી છે. 04/07/2026ના રોજ બનેલી આ ઘટનામાં ગંભીર રીતે ઘાયલ થયેલા યુવતીના પિતાનું સારવાર દરમિયાન વડોદરા સિવિલ હોસ્પિટલમાં મોત નીપજતાં પરિવારમાં શોકની લાગણી સાથે ભારે રોષ ફેલાયો છે. મળતી માહિતી મુજબ, ફરિયાદીની બહેનને એક જ ફળિયામાં રહેતો યુવક લાંબા સમયથી હેરાન કરતો હોવાના આક્ષેપો છે. આ મુદ્દે બંને પક્ષ વચ્ચે અગાઉથી વિવાદ ચાલતો હતો અને આરોપી પક્ષ દ્વારા વારંવાર ધાકધમકી આપવામાં આવતી હોવાનો પણ પરિવારનો આક્ષેપ છે. ઘટનાના દિવસે ફરિયાદીનો ભાઈ અને તેમના પિતા ખેતરમાંથી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે આરોપીઓએ રસ્તામાં અટકાવી લોખંડની ટોમી વડે હુમલો કર્યો હોવાનું જણાવાય છે. હુમલામાં બંને ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હતા.

---

**સ્ટ્રીટ લાઇટ રિપેરિંગ, રામેશ્વર તળાવ વિકાસ સહિતના કામોને મંજૂરી, ગંભીરા પુલ દુર્ઘટનાના ૨૨ મૃતકોને શ્રદ્ધાંજલિ**

# પાદરા પાલિકાની સામાન્ય સભામાં ૮૫ ઠરાવો બહુમતીથી મંજૂર

**ગણતરીની** મિનિટોમાં સભા પૂર્ણ થતાં સભ્યોમાં ગણગણાટ





(પ્રતિનિધિ) પાદરા, તા.9
પાદરા નગરપાલિકાની સામાન્ય સભામાં 85 ઠરાવો બહુમતીથી મંજૂર, વિકાસના અનેક કામોને લીલી ઝંડી. પાદરા નગરપાલિકાની સામાન્ય સભા પ્રમુખ દીપેશ પંચાલ, ઉપપ્રમુખ ઈલાબેન જોશી તથા કારોબારી સમિતિના ચેરમેન સંતોષભાઈ પટેલ ના અધ્યક્ષ સ્થાને મળી હતી, જેમાં તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં એજન્ડાના 61 તથા પુરવણી એજન્ડાના 24 મળી કુલ 85 ઠરાવોને બહુમતીથી મંજૂરી આપવામાં આવી હતી. સભાની શરૂઆતમાં ગંભીરા પુલ દુર્ઘટના એક વર્ષ પૂર્ણ થતા મૃત્યુ પામેલા 22 લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. સામાન્ય સભામાં એજન્ડાના ક્રમાંક-43ના મુદ્દે તમામ સભ્યોએ વિરોધ નોંધાવ્યો હતો. જોકે તમામ 85 મુદ્દાઓનો સમાવેશ હોવા છતાં બેઠક ગણતરીની મિનિટોમાં પૂર્ણ થતાં નવનિયુક્ત સભ્યો અને વિપક્ષમાં ગણગણાટ જોવા મળ્યો હતો. સામાન્ય સભામાં દરેક વિકાસલક્ષી મુદ્દા પર વિસ્તૃત ચર્ચા કરી સભ્યોને પોતાના અભિપ્રાય રજૂ કરવાની તક મળવી જોઈએ તેવી ચર્ચા હતી.

સભામાં ઘરવેરા શાખામાં મિલકત નામફેર માટે આવેલી 240 અરજીઓને મંજૂરી આપવામાં આવી હતી. ઉપરાંત ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ નવા વીજ જોડાણ માટે આવેલી 17 અરજીઓ તથા હંગામી ધોરણે વીજ જોડાણ માટે આવેલી 4 અરજીઓને પણ મંજૂરી આપવામાં આવી હતી. આગામી દશામા તથા ગણેશ મહોત્સવ દરમિયાન પ્રતિમાઓના વિસર્જનને ધ્યાનમાં રાખી પાલિકા દ્વારા હાથ ધરાનાર કામગીરી અંગે પણ મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. સભામાં પાદરા નગરપાલિકા હદમાં સ્ટ્રીટ લાઈટોના રિપેરિંગ અને જાળવણી માટે ટેન્ડર પ્રક્રિયાને મંજૂરી આપવામાં આવી હતી.

### પાદરા પાલિકાની ૧૧ સ્થાયી સમિતિઓની રચના પૂર્ણ

**કારોબારી** સમિતિમાં ૯, અન્ય સમિતિઓમાં ૭-૭ સભ્યોની નિમણૂક

(પ્રતિનિધિ) પાદરા, તા.9
પાદરા નગરપાલિકાની ચૂંટણી પૂર્ણ થયા બાદ પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી થયા પછી હવે વિવિધ સ્થાયી સમિતિઓની રચના પણ પૂર્ણ કરવામાં આવી છે. ચૂંટણીને લગભગ બે મહિના પૂર્ણ થવાના આરે 11 વિવિધ સમિતિઓના ચેરમેન તરીકે ચૂંટાયેલા નગરસેવકોની નિમણૂક કરવામાં આવી છે. પાદરા નગરપાલિકાના કુલ 28 નગરસેવકોમાંથી કારોબારી સમિતિ સહિત કુલ 11 સમિતિઓની રચના કરવામાં આવી છે. કારોબારી સમિતિમાં કુલ નવ સભ્યો જ્યારે અન્ય 10 સમિતિઓમાં સાત-સાત સભ્યોની નિમણૂક કરવામાં આવી છે. દરેક સમિતિના ચેરમેનને રૂ.5,000 સુધીના ખર્ચની સત્તા સોંપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

રાજકીય સમીકરણોની દૃષ્ટિએ જોવામાં આવે તો ધારાસભ્યના પ્રભાવ ધરાવતા વોર્ડ નં. ૨ માં ત્રણ સમિતિઓના ચેરમેન બન્યા છે, જ્યારે વોર્ડ નં. ૩ અને ૬ માં બે - બે સમિતિઓના ચેરમેનની પસંદગી કરવામાં આવી છે.

---

**ટ્રેક્ટરનો આગળનો ભાગ ક્ષતિગ્રસ્ત, ચાલકને પગમાં ગંભીર ઇજા**

## જાંબુઘોડા-બોડેલી હાઈવે પર ટ્રક-ટ્રેક્ટર અથડાયા, એક ઈજાગ્રસ્ત



(પ્રતિનિધિ) બોડેલી, તા.9
જાંબુઘોડા-બોડેલી નેશનલ હાઈવે પર શુક્રવારે ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. કથિત રીતે રોંગ સાઇડમાં આવી રહેલી રાજસ્થાન પાસિંગની આઇસર ટ્રકે સામેથી પસાર થઈ રહેલા ટ્રેક્ટરને જોરદાર ટક્કર મારતાં ટ્રેક્ટરને ભારે નુકસાન થયું હતું. અકસ્માતમાં ટ્રેક્ટર પર બેઠેલી એક વ્યક્તિને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં તેને સારવાર માટે બોડેલીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, ટ્રેક્ટર બોડેલી તરફથી હાલોલ તરફ જઈ રહ્યું હતું. તે દરમિયાન સામેથી આવી રહેલી રાજસ્થાન પાસિંગની આઇસર ટ્રક કથિત રીતે રોંગ સાઇડમાં ઘૂસી આવતા ટ્રેક્ટર સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે ટ્રેક્ટરનો આગળનો ભાગ સંપૂર્ણ ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો અને ઘટનાસ્થળે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

અકસ્માતની અસરથી ટ્રેક્ટર પર બેઠેલી એક વ્યક્તિ રોડ પર ફંગોળાઈ ગઈ હતી. તેને પગમાં ગંભીર ઈજાઓ તેમજ અન્ય ઈજાઓ પહોંચતાં સ્થાનિક લોકો અને રાહદારીઓએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી અને ઈજાગ્રસ્તને સારવાર માટે બોડેલીની હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

ઘટનાને પગલે હાઈવે પર થોડા સમય માટે વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો અને ટ્રાફિક જામ સર્જાયો હતો. અકસ્માતની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માતનું ચોક્કસ કારણ પોલીસ તપાસ બાદ સ્પષ્ટ થશે.

## ચોમાસાને પગલે અવાખલ ગ્રામ પંચાયતની લાકડાની હરાજી સ્થગિત

**૪૫ ગાંડા** બાવળના વૃક્ષોના લાકડાની હરાજી મુલતવી



(પ્રતિનિધિ) શિનોર, તા. 9
શિનોર તાલુકાના અવાખલ ગામે ગ્રામ પંચાયતની હદમાં આવેલા નમી ગયેલા અને પડી ગયેલા ગાંડા બાવળના વૃક્ષોના લાકડાની હરાજીનું આયોજન કરવામાં આવ્યું હતું.પરંતુ હાલમાં ચોમાસાની ઋતુ ચાલી રહી હોવાથી વૃક્ષો કાપવા તેમજ લાકડાનો ઉપાડ કરવો શક્ય ન હોવાનું હરાજીમાં ભાગ લેનાર વેપારીઓ ધ્વારા રજૂઆત કરવામાં આવતાં અવાખલ ગ્રામ પંચાયત દ્વારા લાકડાની હરાજી હાલ પૂરતી સ્થગિત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

અવાખલ ગ્રામ પંચાયત ધ્વારા ગ્રામ પંચાયતની હદ વિસ્તારમાં આવેલા નમી ગયેલા અને પડી ગયેલા 45 નંગ ગાડા બાવળ ના વૃક્ષોના લાકડાની રૂપિયા 1,10,510 /- અપસેટ વેલ્યુ નક્કી કરી તારીખ 9 જુલાઈ 2026 ને ગુરુવાર ના રોજ અવાખલ ગ્રામ પંચાયત કચેરી ખાતે સવાર ના 11 કલાકે સરપંચ, ઉપ સરપંચ ગ્રામ પંચાયત ના સદાય અને તલાટી કમ મંત્રીની ઉપસ્થિતિમાં જાહેર હરાજીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હરાજીમાં લગભગ 28 જેટલા અલગ અલગ વેપારીઓએ ભાગ લીધો હતો.

## એસઈપીસીનું મોટું પગલું, એવેનિરમાં ૯૦% હિસ્સો ખરીદશે

વડોદરા: ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને એન્જિનિયરિંગ ક્ષેત્રની અગ્રણી કંપની એસઈપીસી લિમિટેડે યુએઈ સ્થિત એવેનિર ઇન્ટરનેશનલ એન્જિનિયર્સ એન્ડ કન્સલ્ટન્ટ્સ એલએલસીમાં 90 ટકા સુધીનો ઇક્વિટી હિસ્સો હસ્તગત કરવાની જાહેરાત કરી છે. કંપનીના બોર્ડે શેરધારકો અને નિયમનકારી મંજૂરીને આધીન આ વ્યૂહાત્મક દરખાસ્તને મંજૂરી આપી છે. આ અધિગ્રહણ શેર સ્વેપ વ્યવહાર દ્વારા થશે, જેમાં એવેનિરના શેરધારકોને 10 પ્રતિ શેરના દરે એસઈપીસીના 153 કરોડ ઇક્વિટી શેર ફાળવવામાં આવશે. આ ટ્રાન્ઝેક્શનનું કુલ મૂલ્ય 1,530 કરોડ છે અને તેમાં કોઈ રોકડ ચૂકવણી નહીં થાય. વ્યવહાર ડિસેમ્બર 2026 સુધી પૂર્ણ થવાની અપેક્ષા છે.

## કવાંટ-રેણદા માર્ગ બિસ્માર:૧૩ કિ.મી. ખાડાઓથી વાહનચાલકો ત્રાહિમામ

**ખાડાઓનું** તાત્કાલિક પુરાણ અને સમારકામ કરવાની પ્રજાની માંગ



(પ્રતિનિધિ) કવાટ , તા. 9
ગુજરાત રાજ્યના છેવાળા નો તાલુકો કવાંટ જ્યાં 13 કિલોમીટર મધ્યપ્રદેશની સરહદ આવેલ છે મધ્યપ્રદેશ ને જોડતો કવાંટ થી રેણદા માર્ગ બિસ્માર હાલતમાં મસમોટા ગામડા પડતા વાહન ચાલકો ત્રાહિમામ વાહનોમાં અકસ્માત થવાના કારણે રાહદારિયો પણ પરેશાન કવાટ આઠ કરોડના ખર્ચે બનનાર આરસીસી રસ્તાના ખાતમુહૂર્ત દરમિયાન ધારાસભ્ય જયંતીભાઈ રાઠવા દ્વારા કવાંટથી રેણધા જે 68 કરોડના ખર્ચે મંજૂર થયેલ છે તેમ જણાવવામાં આવેલ પરંતુ હાલ ચોમાસાનો સમય હોય ત્યારે અહીં મસમોટા ગાબડા પડી ગયા છે જેનું તાત્કાલિક પુરાણ કરવામાં આવે તેવી પ્રજા માંગ ઉઠી છે. કવાંટ તાલુકા માંથી પસાર થતો અને ગુજરાત મધ્યપ્રદેશની જોડતો અતિ મહત્વનો કવાંટથી રેણદા માર્ગ હાલ અત્યંત દયનિય હાલત મા ફેરવાઈ ગયો છે માર્ગ અને મકાન વિભાગની ઘોર બેદરકારી અને કવાંટ તાલુકા પ્રત્યેના ઓરમાયા વર્તનને કારણે આ વિસ્તારના રહીશો અને વાહન ચાલકો ભારે હાલાકી નો સામનો કરી રહ્યા છે.

## જબુગામ હાઈવે પર ધૂળની ડમરીથી વાહનચાલકો પરેશાન



(પ્રતિનિધિ) બોડેલી, તા. 9
બોડેલી તાલુકાના જબુગામ અને બોડેલી વચ્ચે આવેલા નેશનલ હાઈવે નં. 56 પર છેલ્લા કેટલાક સમયથી ધૂળ-ડમરીની ગંભીર સમસ્યા જોવા મળી રહી છે. ખાસ કરીને જબુગામના મુખ્ય બજાર વિસ્તારમાં ભારે વાહનોની સતત અવરજવરના કારણે રોડની બાજુમાં જમા થયેલી રેતી અને માટી ઉડી રહી હોવાથી વાહનચાલકો અને સ્થાનિક લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ધૂળના કારણે ખાસ કરીને બાઈકચાલકોને વાહન ચલાવવામાં ભારે અગવડ પડે છે. ઘણી વખત દૃશ્યતા ઘટી જતાં વાહનો સ્લીપ થઈ જવાના બનાવો પણ બનતા હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. ઉપરાંત સતત ઉડતી ધૂળ વેપારીઓ, રાહદારીઓ અને આસપાસ રહેતા લોકોના સ્વાસ્થ્ય માટે પણ હાનિકારક સાબિત થઈ રહી છે. સ્થાનિકોએ વહીવટી તંત્ર તેમજ નેશનલ હાઈવે સત્તાધીશોને રજૂઆત કરી રોડની બાજુમાં જમા થયેલી રેતી અને માટી તાત્કાલિક દૂર કરાવવા, નિયમિત સફાઈ કરાવવા તથા ધૂળ નિયંત્રણ માટે અસરકારક પગલાં ભરવાની માંગ કરી રહ્યા છે.

## સંખેડામાં રૂપિયાની ઉઘરાણી મુદ્દે લોખંડની પાઈપથી યુવક પર હુમલો

**પિતા-પુત્ર** અને તેના મિત્ર સહિત ત્રણ સામે પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) સંખેડા, તા. 9
સંખેડામાં પૈસાની ઉઘરાણીમાં એક યુવકને બોલાવી માર મારી માથામાં લોખંડની પાઈપ મારી ગંભીર ઈજા કરી હતી. સાથેના બીજા યુવકનું ગળું દબાવ્યું હતું. પિતા-પુત્ર સહિત ત્રણ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

સંખેડાના યતીનકુમાર દિનેશભાઈ ખરાદીએ ફરિયાદમાં જણાવ્યું છે કે મિત્ર આકાશ સુથારે કહ્યું હતું કે સલામતભાઈ મન્સૂરી કબા, સંખેડામાં રહે છે. તેણે ઉછીના લીધેલા 40 હજારની ઉઘરાણી કરે છે. તે વેરાઈ માતાના મંદિર પાસે ઊભો છે. ચર્ચા કરવા બોલાવે છે. તું પણ ચાલ. બંને મંદિર પાસે ગયા હતા. ત્યાં સલામત, તેનો છોકરો, અશ્વિન બારિયા ઊભા હતા. સલામતે આકાશને પૂછ્યું કે 40 હજાર કેમ આપતો નથી. આકાશે કહ્યું કે હાલમાં પૈસા નથી. સગવડ થશે ત્યારે આપીશ તે સાંભળતા જ સલામત ઉશ્કેરાયો હતો અને ગાળો આપી હતી. ત્યારે સલામતના છોકરાએ અને અશ્વિને કહ્યું કે પૈસા બાબતે બહાના કેમ બનાવે છે. ત્યારબાદ સલામતે હાથમાંની લોખંડની પાઈપથી યતીનના માથા પર મારતા પાઈપ કપાળના ભાગે વાગ્યું. સલામત, તેનો છોકરો, અશ્વિન ત્યાંથી નીકળી ગયા. ઈજાગ્રસ્ત યતીનને સારવાર માટે સંખેડા રેફરલ હોસ્પિટલમાં લઈ જવાયો હતો.

## છોટાઉદેપુરમાં ખાદ્ય દુકાનોમાં સઘન ચેકિંગ, વાસી ખોરાકનો નાશ

**૨૦** પેઢીઓમાં તપાસ, ૩૫ ખાદ્ય નમૂનાઓનું સ્થળ પર પરીક્ષણ



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 9
નાગરિકોના આરોગ્યને ધ્યાને રાખી જિલ્લા કલેકટર ગાર્ગી જૈનના માર્ગ દર્શન હેઠળ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર-છોટાઉદેપુરના ડેઝિગ્નેટેડ ઓફિસર પી.એમ.શાહની ઉપસ્થિતીમાં છોટાઉદેપુરમાં આવેલી ખાણી-પીણીની હોટલ અને રેસ્ટોરન્ટ્સમાં "ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ"ની જોગવાઈઓ અન્વયે આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી.

ઝુંબેશ દરમિયાન ટીમ દ્વારા આધુનિક "ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ" (FSW) ટેસ્ટિંગ વાનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તંત્રની ટીમ દ્વારા જિલ્લા સેવા સદન રોડ તેમજ તેની આસપાસના વિસ્તારો જેવા કે શાક માર્કેટ અને મુખ્ય બજારમાં સઘન ચેકિંગ કરીને કુલ ૨૦ જેટલી પેઢીઓની તપાસ કરવામાં આવી હતી અને સ્થળ પર જ કુલ ૩૫ જેટલા ખાદ્ય પદાર્થોના નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન અંદાજીત ૧૦ કિલોગ્રામ જેટલો વાસી તેમજ બિનઆરોગ્યપ્રદ (અનહાઈજેનિક) સ્થિતિમાં સંગ્રહ કરી રાખેલો ખાદ્ય પદાર્થ અને ૨ કિલોગ્રામ જેટલો હાનિકારક ફૂડ કલર મળી આવતા તંત્ર દ્વારા આ આખા જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

## ABVP દાહોદ દ્વારા ABVP ના ૭૮ માં સ્થાપના દિવસ નિમિતે કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા 9
દાહોદ, તારીખ 9 જુલાઈ 2026 ના રોજ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા રાષ્ટ્રીય વિદ્યાર્થી દિવસ અને એબીપીના સ્થાપના દિવસ નિમિત્તે દાહોદ જિલ્લામાં શ્રીકૃષ્ણ પ્રણામી કોલેજમાં સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પર આયોજન કરવામાં આવ્યું હતું આ વક્તવ્યમાં ગુજરાત પ્રદેશ સવિષ્કાર આયામના સંયોજક જયંતભાઈ નકુમ ઉપસ્થિત રહ્યા હતા. જેમના દ્વારા SSIP 2.0 ગુજરાત સ્ટાર્ટઅપ પોલિસી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ પ્રોગ્રામ જેવા વિષયો પર વક્તવ્ય આપ્યું હતું તેમજ રાષ્ટ્ર પુનઃનિર્માણ માટે અને વિકસીત ભારત 2047 માટે યુવાનો અને વિદ્યાર્થીઓ ને માર્ગદર્શન આપ્યું હતુ. આ કાર્યક્રમ માં આશરે 300 જેટલા વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા.

**વિદ્યાર્થિનીઓના આરોગ્યને જોખમ દૂર કરવા તાત્કાલિક સફાઈના નિર્દેશ**

## લીંડા કન્યા વિદ્યાલયના કેમ્પસમાં ગંદકી જોઈ જિલ્લા કલેક્ટર ચોંક્યા

**જન સંવાદ** દરમિયાન ગ્રામજનોની રજૂઆતો બાદ સ્થળ નિરીક્ષણ



(પ્રતિનિધિ) નસવાડી, તા.9
નસવાડી તાલુકાના લીંડા ગામે અલ્પ સાક્ષરતા કન્યા વિધાલયની મુલાકાત જિલ્લા કલેક્ટર લેતા સરપંચ અને તલાટીએ શાળાના કેમ્પસમાં ગટરો ઉભરાઈ છે અને કચરો કેમ્પસમાં ઠલવાઈ છે જેની જાત તપાસ માટે જિલ્લા કલેક્ટર જતા શાળાના કેમ્પસના પાછળના ભાગમાં શડેલા ફૂટ અને કચરાના ઢગલા જોઈને ચોકી ઉઠ્યા.

નસવાડી તાલુકાના લીંડા ગામે જિલ્લા કલેક્ટર જન સંવાદથી જન વિકાસના અભિગમ હેઠળ મુલાકાત લીધી હતી જેમાં જિલ્લા કલેક્ટરનને ગ્રામજનોએ રસ્તા તેમજ સિંચાઈના પાણી માટે તેમજ વરસાદી પાણી ઘરોમાં ભરાઈ જવાની રજુવાતો કરી હતી જેને લઇ કલેક્ટરએ લીંડા ગામમાં પગપાળા ચાલીને નિરીક્ષણ કર્યું હતું જયારે ખેડૂતોએ પશુંઓને ચરવા માટે ગોચર જમીન ના હોવાથી તેની રજુઆત કરી હતી જયારે લીંડા ગામે રોડ ઉપર વરસાદી પાણી ભરાઈ રહે છે તેની પણ રજુવાત કલેકટરની ગ્રામજનો કરતા કલેકટર સ્થળ ઉપર પોહચી નિરીક્ષણ કર્યું હતૂ ત્યાર બાદ લીંડા જૂથ ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટીએ જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈને ને લીંડા ખાતે આવેલી અલ્પ સાક્ષરતા કન્યા વિધાલયની હોસ્ટેલમાં રહેતા વિધાર્થી માટે બનાવેલ શોચાલય તેમજ બાથરૂમ સહીતનુ ગટરનુ પાણી ઉભરાઈ મેન રોડ ઉપર આવે છે.